જનસંપર્ક અધીકારી દ્વારા
પોલીસ કમિશનરશ્રીની કચેરી,
અમદાવાદ શહેર (P.R.O.)
ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩
કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,
૨૫૬૩૦૪૦૦ ફેક્સઃ ૨૫૬૩૦૬૦૦

તા.૦૩/૧૦/૨૦૨૧ રવિવાર

અમદાવાદ શહેર પોલીસ સમાચાર

અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :- સમાચાર યાદી નં.૧૭૯૯/૨૦૨૧

Covid-19 સંક્રમણ નિયંત્રણ અન્વયે લેવામાં આવેલ કાયદાકીય કાર્યવાહી અંગેની તા.૦૨/૧૦/૨૦૨૧ કલાક ૦૦/૦૦ થી કલાક ૨૪/૦૦ સુધીની માહીતી નીચે મુજબ છે.

પત્રક-૧							
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત							
અ.નં	ગુન્હાનો પ્રકાર	નોધાયેલ FIR ની સંખ્યા			અટક કરેલ આરોપીની સંખ્યા		
		ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ	ગઈ કાલ સુધીની સંખ્યા	આજની સંખ્યા	કુલ
૧	કલમ ૧૮૮ કલમ ૧૩૫ GP ACT 1951	૧૧૬૭૭	૦	૧૧૬૭૭	૧૭૭૮૮	૦	૧૭૭૮૮
૨	કલમ ૨૬૯,૨૭૦ અને ૨૭૧ IPCઅને The Epidemic Disease Act 2005	૪૭૩૩	૦	૪૭૩૩	૬૨૮૨	૦	૬૨૮૨
3	કલમ ૧૪૩,૧૪૪,૧૪૫ વિગેરે (હંગામો)	૧૧૪	૦	૧૧૪	૩૯૩	૦	૩૯૩
૪	Disaster Management Act 2005 હેઠળના ગુન્હાઓ	૭૨૦૩૩	૩૮	૭૨૦૭૧	૭૩૦૪૭	૩૮	૭૩૦૮૫
કુલ		૮૮૫૫૭	૩૮	૮૮૫૯૫	૯૭૫૧૦	૩૮	૯૭૫૪૮

પત્રક-૨			
લોક ડાઉન અને જાહેરનામા ભંગ અંગે નોધાયેલ ગુન્હાની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	કલમ ૨૦૭ MV Act 1988 હેઠળ ડિટેઈન કરેલ વાહનોની સંખ્યા	MV Act 1988 હેઠળના નિયમ ભંગ કરનાર વાહન ચાલકો પાસેથી વસુલવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૩૪	૪,૧૮,૦૦૦/-

પત્રક-૩			
જાહેર સ્થળોએ તથા પરિવહન વખતે માસ્ક નહી પહેરવા અંગે તથા જાહેરમાં થુકવા બાબતની વિગત			
અ.નં	જીલ્લા/શહેરનુ નામ	દંડિત થયેલ વ્યક્તિઓની સંખ્યા	વસુલ કરવામાં આવેલ દંડની રકમ
૧	અમદાવાદ શહેર	૫૧૧	૫,૧૧,૦૦૦/-

પાસા અટકાયતની વિગત

મેઘાણીનગર પોલીસ સ્ટેશન :

શરીર સબંધી તથા મિલકત સબંધી ગુનાઓના આરોપીને પાસા હેઠળ અટકાયત કરતી મેઘાણીનગર પોલીસ

મે.પોલીસ કમિશ્નરશ્રી અમદાવાદ શહેર તથા અધિક પોલીસ કમિશ્નરશ્રી સેક્ટર-૨ તથા નાયબ પોલીસ કમિશ્નરશ્રી ઝોન-૪ તથા મદદનીશ પોલીસ કમિશ્નરશ્રી "જી" ડિવીઝન નાઓની સુચના હેઠળ તેમજ સિનીયર પોલીસ ઇન્સપેક્ટર જે.એલ.ચૌહાણ નાઓના માર્ગદશન હેઠળ અમદાવાદ શહેરના મેઘાણીનગર પો.સ્ટે વિસ્તારમાં મારામારી તથા લુંટના ગુનાઓમાં પકડાયેલ આરોપી નામે અખીલેશ ઉર્ફે બંટી સદારામ જાતે પાંડે ઉ.વ.૩૦ રહે. મ.નં.૫૬૫/૯૦ ગોકુળચંદ કસ્તુરચંદની નવી ચાલી, ઘી વાળી ચાલીની બાજુમાં, ઘંટી બસ સ્ટેન્ડ, ચમનપુરા મેઘાણીનગર અમદાવાદ શહેર નાની વિરુધ્ધમાં અત્રેના મેઘાણીનગર પોલીસ સ્ટેશન ખાતેના ઈ-ગુજકોપ સોફ્ટવેરમાં સર્ચ કરતા સદરી આરોપી વિરુધ્ધમાં નં.(૧) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૦૨૧૧૫/૨૦ ઈ.પી.કો. કલમ ૩૨૪, ૫૦૬(૨), ૩૨૩, ૧૧૪ તથા જી.પી. એક્ટ કલમ ૧૩૫(૧) મુજબ તથા નં.(૨) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૮૨૦/૨૧ ઈ.પી.કો. કલમ ૩૯૪, ૨૯૪(ખ) મુજબ તથા નં.(૩) મેઘાણીનગર પો.સ્ટે.પાર્ટ-એ-ગુ.ર.નં. ૧૧૧૯૧૦૩૩૨૧૦૯૯૩/૨૧ ઈ.પી.કો. કલમ ૩૯૪, ૨૯૪(ખ), ૫૦૬(૧), ૧૧૪ મુજબ તથા નં.(૪) મેઘાણીનગર પો.સ્ટે. પાર્ટ બી ગુ.ર.નં.૧૧૧૯૧૦૩૩૨૧૦૯૮૨/૨૧ જી.પી.એક્ટ કલમ ૧૩૫(૧) મુજબના ગુનાઓ નોંધાયેલ હોય સદરી ઈસમ વિરુધ્ધ મે. પોલીસ કમિશ્નર શ્રી અમદાવાદ શહેર સમક્ષ અત્રેના મેઘાણીનગર પો.સ્ટે. ખાતેથી પાસા દરખાસ્ત ભરી મોકલતા તેઓના પાસા હુકમ:- ક્રમાંક/પીસીબી/ડીટીએન/પાસા/૫૨૬/૨૦૨૧ તા.૦૨/૧૦/૨૦૨૧ થી પાસા અટકાયતી તરીકે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે રાખવા હુકમ કરેલ હોય સદરી પાસા અટકાયતી ઈસમને આજરોજ તા.૦૨/૧૦/૨૦૨૧ ના કલાક ૧૯/૪૫ વાગે પાસા હુકમની બજવણી કરી જરૂરી જાપ્તા સાથે "મધ્યસ્થ જેલ રાજકોટ" ખાતે મોકલી આપેલ છે. તા.૦૨/૧૦/૨૦૨૧

કામગીરી કરનાર અધિકારી/કર્મચારી

(૧) પો.સ.ઈ વી.એ.હરકટ

(૨) લોકરક્ષક આકાશ મહેશભાઈ બ.નં.૧૨૨૭૦

(૩) લોકરક્ષક જીગર મહેન્દ્રકુમાર બ.નં.૧૧૩૧૫



નશાબંધી તથા જુગાર ધારા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૦૦/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે નશાબંધી ધારા હેઠળ ૫૭ કેસ કરી, ૫૯ વ્યક્તિઓને ઝડપી, ૨૧૭ લીટર દેશી દારૂ, ૨૫૦ બોટલ ઇંગ્લીશ દારૂ, ૦૫ ક્વોટર ઇંગ્લીશ દારૂ, ૦૧ સ્કુટર અને ૦૧ કાર કબજે કરી હતી. તેમજ જુગાર ધારા હેઠળ ૦૪ કેસ કરી ૦૬ વ્યક્તિઓને ઝડપી રોકડ રૂપિયા ૨૦,૨૯૦/- અને જુગારના સાધનો કબજે કર્યા હતા.

તકેદારીના પગલા હેઠળ ઝડપાયાઃ- **સમાચાર યાદી નં.૧૮૦૧/૨૦૨૧**

શહેર પોલીસે ગઈકાલે તકેદારીના પગલા હેઠળ સી.આર.પી.સી.૧૦૭,૧૦૯,૧૧૦,૧૫૧ મુજબ ૬૬ વ્યક્તિઓની અટકાયત કરી હતી. તેમજ પાસા હેઠળ ૦૩ વ્યક્તિઓની અટકાયત કરી હતી.

વિશ્વાસઘાત અને છેતરપીંડી :- **સમાચાર યાદી નં.૧૮૦૨/૨૦૨૧**

રામોલઃ શોભાબહેન વા/ઓ પ્રમોદકુમાર બાગડે (ઉ.વ.૪૮)(રહે.ભગવતીનગર સોસાયટી, શંકર રેવા એસ્ટેટની પાછળ, ગોકુલનગર સી.ટી.એમ) એ તા.૦૨/૧૦/૨૦૨૧ નારોજ રામોલ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે સને ૨૦૧૫ થી ૨૦૨૦ સુધીના સમયગાળા દરમ્યાન આરોપી (૧)ઉમાબહેન ઉર્ફે નેહાબેન વા/ઓ વિજયભાઈ ઠાકોર તથા (૨) વિજય ચમનભાઇ ઠાકોર (રહે. પ્રાર્થના પરીસર, એમ.એસ.સ્કુલની પાછળ, નવા નરોડા) એ ભેગામળી શોભાબહેનના ઘરે ભાડે રહેવા આવી, શોભાબહેન જે મંડળ ચલાવતા હતા તે મંડળ ના પૈસા નું સારૂ એવુ વળતર આપીશ તેવી લાલચ આપી, શોભાબહેન તથા તેમના મંડળના સભ્યોને વિશ્વાસમાં લેવા સારૂ શોભાબહેન ને રૂપિયા ૨૫,૦૦,૦૦૦/- હાથ ઉછીના મળેલ છે તેવો રૂપિયા ૧૦૦/- ના સ્ટેમ્પ પેપર ઉપર કરાર કરી આપી, શોભાબહેન તથા મંડળના સભ્યોના આશરે કુલ રૂપિયા ૯૩,૦૦,૦૦૦/- હાથો- હાથ અને અમુક નાણાં ચેકથી આરોપીઓએ પોતાના તથા તેમના સગા સબંધીના ખાતામાં મેળવી લઇ તેમજ શોભાબહેનના સોનાના દાગીના કિંમત રૂપિયા ૧,૦૫,૦૦૦/- મતાના પ્રસંગમાં પહેરવાના બહાને લઇ જઇ, નોટરી રૂબરૂ કરેલ કરારની શરત મુજબ રૂપિયા આજદીન સુધી પરત નહી આપી વિશ્વાસઘાત અને છેતરપીંડી કરી છે. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એ.બી.ચૌધરી ચલાવે છે.

ઘરફોડ :- **સમાચાર યાદી નં.૧૮૦૩/૨૦૨૧**

વટવાઃ મિતુલભાઇ રમેશચન્દ્ર શાહ (ઉ.વ.૩૮)(રહે.વૈભવપાર્ક સોસાયટી, શિવ ટેનામેન્ટની પાછળ કેડીલા બ્રીજ રોડ, ઘોડાસર ચાર રસ્તા)એ વટવા પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૨/૧૦/૨૦૨૧ રાતના ૧/૩૦ થી સવારના ૭/૦૦ વાગ્યા દરમ્યાન પોતાના મકાનના સ્ટોર રૂમની બારીની ગ્રીલના ખીલા કાઢી, અજાણી વ્યક્તિ ઘરમાં પ્રવેશ કરી, ચાંદીના દાગીના, ઘડિયાલો અને રોકડ રૂપિયા મળી કુલ રૂપિયા ૮૬,૦૦૦/- મતાની ચોરી કરી લઈ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.એસ.ભદોરીયા ચલાવે છે.

કાગડાપીઠઃ ઉજ્જવલ ભરતકુમાર ભટ્ટ (ઉ.વ.૩૩)(રહે.આરાધ્ય ફલેટ, સ્વસ્તિક સોસાયટી પાસે, નવરંગપુરા)એ કાગડાપીઠ પોલીસ સ્ટેશન ખાતે ફરીયાદ નોંધાવી છે કે તા.૦૧/૧૦/૨૦૨૧ રાતના ૧૨/૦૦ થી તા.૦૨/૧૦/૨૦૨૧ સવારના ૪/૪૫ વાગ્યા દરમ્યાન ભુલાભાઇ ચાર રસ્તા, સાગર સોસાયટી સામે આવેલ "કોટેશ્વર મહાદેવ" મંદિરના મુખ્ય દરવાજાનુ તાળુ તોડી અજાણી વ્યક્તિ મંદિરમાં પ્રવેશ કરી, પુજાની ચીજવસ્તુ કુલ કિંમત રૂપિયા ૪૦,૦૦૦/- મતાની ચોરી કરી લઇ ગઇ હતી. આ ગુનાની તપાસ પો.સ.ઇ.શ્રી એન.જે.મારૂ ચલાવે છે.

<u>પાણીની ટાંકીમાં પડી જતા મૃત્યુ :-</u> **<u>સમાચાર યાદી નં.૧૮૦૪/૨૦૨૧</u>**

નારોલઃ અશોકકુમાર બિરખારામ જાટવ (રહે.શિવશક્તિનગર ભરવાડવાસ, હનુમાન મંદિર પાસે, પીપળજ નારોલ) નાઓનો દિકરો રોહન (ઉ.વ.૦૭) તા.૦૧/૧૦/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગે પોતાના ઘરે રમતા-રમતા પાણીની ટાંકીમા પડી જતા, સારવાર માટે તેને એલ.જી.હોસ્પીટલ ખાતે લાવતા રાતના ૮/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેને મૃત જાહેર કર્યો હતો. આ અંગે નારોલ પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇશ્રી એચ.સી.પરમાર ચલાવે છે.

<u>આત્મહત્યાઃ-</u> **<u>સમાચાર યાદી નં.૧૮૦૫/૨૦૨૧</u>**

ગુજરાત યુનિવર્સીટીઃ ધારાબહેન ડો/ઓ પ્રવિણભાઇ સવસાણી (ઉ.વ.૧૭)(રહે.સરકારી પોલીટેકનીક ગર્લ્સ હોસ્ટેલ, આંબાવાડી) એ અગમ્ય કારણસર તા.૦૧/૧૦/૨૦૨૧ સાંજના ૭/૩૦ વાગ્યાના સુમારે હોસ્ટેલના ટોયલેટમાં પોતાની જાતે થોડુ એસીડ પી લેતા સારવાર અર્થે તેમને સોલા સિવિલ હોસ્પીટલ ખાતે લાવતા સારવાર દરમ્યાન રાતના ૧૧/૦૦ વાગે ફરજ પરના ડો.શ્રીએ તેમને મૃત જાહેર કર્યા હતા. આ અંગે ગુજરાત યુનિવર્સીટી પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.આઇ.પરમાર ચલાવે છે.

ગોમતીપુરઃ દિનેશભાઈ ડાયાભાઈ મકવાણા (ઉ.વ.૪૬)(રહે.રેવાભાઈના ખેતરના છાપરા, અશોકનગરની પાસે ગોમતીપુર) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૨૦૨૧ સાંજના ૫/૪૦ વાગ્યા પહેલા કોઇપણ સમયે પોતાના ઘરે છતના ભાગે આવેલ લોખંડની પાઈપ સાથે સુતરાઉ દોરી બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ગોમતીપુર પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ પો.સ.ઇ.શ્રી એમ.બી.ગામીત ચલાવે છે.

ખોખરાઃ ડિમ્પલબહેન વા/ઓ રાજેન્દ્રકુમાર પરમાર (ઉ.વ.૩૫)(રહે.મહેશ્વરી સોસાયટી, વિભાગ-૦૨ હાટકેશ્વર સ્મશાનની પાછળ, ખોખરા) એ અગમ્ય કારણસર તા.૦૨/૧૦/૨૦૨૧ બપોરના ૧/૩૦ થી સાંજના ૪/૩૦ વાગ્યા દરમ્યાન પોતાના ઘરે પંખા સાથે દુપટ્ટો બાંધી ગળેફાંસો ખાઇ આત્મહત્યા કરી હતી. આ અંગે ખોખરા પોલીસે અકસ્માત મોત નોંધી આ અંગેની તપાસ મ.પો.કમિ.શ્રી "આઇ" ડીવીઝન નાઓ ચલાવે છે.

પોલીસ ઇન્સ્પેક્ટર,
કંટ્રોલરૂમ, અ'વાદ શહેર.
પોલીસ કમિશનર વતી.